## યોગ્ય કારણ આપ્યા વિના છૂટા પડેલા

# પતિ કે પત્ની પાસેથી ફરી સહવાસની માગણી કરતા કાયદાને સુપ્રીમમાં પડકાર

અમદાવાદ, બુધવાર

કોઈ યોગ્ય કારણ આપ્યા વગર સામાજિક અને પારિવારિક સંબંધોમાંથી છૂટા પડેલા પત્ની પાસેથી ફરી વૈવાહિક સંબંધો, સહવાસ કે શારીરિક સંબંધો મેળવવાની કાયદાકીય જોગવાઈઓને ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના બે વિદ્યાર્થીઓ દ્વારા પિટીશન કરાઇ છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ અને જસ્ટિસ સંજીવ ખન્નાએ આ કેસ ત્રણ જજની બેંચને રિફર કર્યો છે. જેની વધુ સુનાવણી આગામી સપ્તાહમાં હાથ ધરાશે.

## GNLUના બે વિદ્યાર્થીઓની પિટિશન : ત્રણ જજની બેંચ સમક્ષ કેસ રિફર થયો

અરજદારોની રજૂઆત છે કે હિન્દુ મેરેજ એક્ટની કલમ-૯ અને સ્પેશિયલ મેરેજ એક્ટની કલમ-૨૨માં જોગવાઇ છે કે પતિ કે પત્ની કોઈ યોગ્ય કારણ વગર સામાજીક કે પારિવારિક સંબંધોમાંથી અલગ થયા હોય તો ફરી સહવાસ અને શારીરિક સંબંધોના હક માટે આ કાયદાની જોગવાઇ અન્વયે પતિ કે પત્ની કોર્ટમાં અરજી કરી શકે છે. અરજદાર દ્વારા જો સંતોષકારક કારણો રજૂ કરવામાં આવે તો કોર્ટ પતિ પત્નીને ફરી સહવાસ માટે ફરમાન કરી શકે છે. અરજદારોની રજૂઆત છે કે આ કલમો રદબાતલ થવી જોઈએ કારણ કે આ જોગવાઇઓના કારણે બંધારણ દ્વારા મળકો પ્રાઇવસીના અધિકાર(રાઇટ ટુ પ્રાઈવસી અને ભેદભાવથી મળતા રક્ષણ(પ્રોટેકશન ફ્રોમ ડિસ્ક્રીમિનેશન)નું હનન થાય છે. કાયદાની બંધારણીયતાને પડકારતી અરજી હોવાથી ડિવીઝન બેંચે ત્રણ જજોની બેંચને આ કેસ રિફર કર્યો છે. જેની વધુ સુનાવણી આગામી સપ્તાહમાં હાથ ધરાશે.

Scanned by CamScanner